# અંતે, સલમાન નિર્દોષ

**તંત્રીસ્થાનેથી...**

સુલતાનને વળી સરકાર શું ને કોર્ટ શું? એ તો જાતે જ સરકાર અને જાતે જ અદાલત. જયારે આ દેશમાં રાજામહારાજઓ અને બાદશાહો-સુલતાનો-નવાબોનું રાજ હતું ત્યારે એમણે કોઈ જ કાયદો લાગુ પડતો ન હતો. એમની જીભે ચડ્યો તે શબ્દ પ્રજાએ માથે ચડાવવો પડતો. હાલતાં ને ચાલતાં એ એક યા બીજા કારણસર કોઈને હંટર કે કોરડા વડે જાહેરમાં નિર્દયતાપૂર્વક ફટકારતા, કોઈ રૂપાળી સ્ત્રી જુએ તો એને એના ઊંડા ઓરડેથી ખેંચી લાવી પોતાના જનાનખાનામાં બેસાડી દેતા. શિકાર તો એમનો જન્મસિદ્ધ અધિકાર હતો. એમનું નિશાન સરખું ન વાગે તો પાલતુ શિકારીઓ પાસેથી સેવાઓ લેતા. પછી જે પ્રાણીનો શિકાર કર્યો હોય એના મૃતદેહ પર હાથમાં બંદૂક સાથે ઉન્નત મસ્તકે અને હસતા મુખે ફોટો પડાવતા. આ બધા રાજા-મહારાજ અને સુલતાનોનો દોર દમામ કાળબળે સમાપ્ત થઈ ગયો પરંતુ આઝાદ હિંદુસ્તાનમાં નથી માનવી પરના અત્યાચારો અટક્યા કે નથી નિર્દોષ પ્રાણીઓનો શિકાર બંધ થયો હા, કાયદા જરૂર બન્યા છે, પણ એ તો પોથીમાંથી રીંગણાં જેવા છે. સલમાન ખાન જેવા લોકહૈયે રાજ કરનારા અભિનેતાને એ કાયદા કનડ્યા છે ખરા પણ નડ્યા નથી. કનડગત એટલી કે કેસ-બેસ નોંધાય, જુબાની લેવાય, ઘરે પોલીસ આવે, કયારેક જ્યુડિશિયલ કસ્ટડીમાં પણ થોડાક દિવસ રહી આવવું પડે; પણ સરવાળે ઘીના ઠામમાં ઘી પડી જાય. સલમાનખાન પાછળ આખું બોલીવુડ ઘેલું હોય ત્યાં એને સજા થોડી કરાય? એને સજા કરવામાં આવે તો કેટલા બધા ફિલ્મ - ઈન્વેસ્ટરોને માથે ઓઢીને રોવા વારો આવે! કેટલા બધા સિનેદર્શકોના નિસાસા પડે! આ બધી બાબતો પણ એને મધરાતે નશામાં ચકચૂર થઈ મરવાના વાંકે જીવતા પેલા ફૂટપાથિયા મજૂરોને કચડી નાખ્યા ત્યારે થયેલ અદાલતી કાર્યવાહી વખતે જરુર ધ્યાને લેવાઈ હોવી જોઈએ! નીચલી કોર્ટે કદાચ આવી બાબતોને અવગણી હોય તો છેવટે ઊપલી કોર્ટે તો સલ્લુમિયાંની મહત્તા સ્વીકારી જ છે.

# લાગણીમાં માગણી અને માગણીમાં લાગણી




વર્લ્ડવાઈડ ફેશન એન્ડ એસેસરિઝ બ્રાન્ડ ''ઝારા'' અને ''કન્ફેકન્સ્ ગોઆ'' તથા ''ઈન્ડિટેક્સ''ના સ્થાપક સ્પેનિસ બિઝનેસમેન અમાનિકો ઓર્ટેગા (જ.૧૯૩૬)નું કહેવું છે કે ''તમારામાં જે સારાપણું છે એને જ લોકો ચાહે છે. તમારી કાઈન્ડનેસને લોકો યાદ રાખે છે. કોઈ એક ખરાબ અનુભવના કારણે તમારે કાઈન્ડનેસ છોડી દેવાની જરુર નથી. ફૂલને ગમે તેટલું કચડવામાં આવે તો પણ તે સુવાસ ફેલાવવાનો પોતાનો ગુણધર્મ છોડતું નથી.''

પ્રેમનું પણ ફૂલ જેવું જ છે ને. પ્રેમ જેનામાં વ્યાપ્ત હોય એવી વ્યક્તિ હંમેશા પ્રેમ જ વ્યક્ત કરશે, પ્રેમ જ પ્રગટ થશે. બીજા માટે યા દુનિયા માટે તમારે સારા બનવાની જરુર રહેતી નથી. કાઈન્ડનેસ એ વ્યક્તિની ઈનર-સાઈટ છે. વ્યક્તિની ભીતર સારાપણું હોય. કોઈ ફૂલ કંટકનું કામ કરી શકે નહીં. સારી વ્યક્તિની આસપાસ પ્રેમની જ ઓરા પ્રસરતી રહે છે.

સામી વ્યક્તિને જોવાનો તમારો દષ્ટિકોણ કેવો છે, એના ઉપર તમારો અને એ વ્યક્તિનો સંવાદ નિર્ભર રહે છે અને આગળ જતા સંબંધનું ટકાઉપણું પણ એમાં જ સમાયેલું હોય છે. આજે મોટા ભાગના સંબંધોમાં ''ગિવ એન્ડ ટેક'' ફોર્મ્યુલા જોવા મળે છે. અપેક્ષા સંતોષે એ વ્યક્તિ સારી અને ન સંતોષે તો એવી વ્યક્તિ ખરાબ, એવી મેન્ટાલિટી સામાન્ય થઈ ગઈ છે.

લાગણીમાં માગણી અને માગણીમાં લાગણીની વાત કરીએ. જે વાત મહાન દાર્શનિક રુમિએ કહી છે એ જ વાત પ્રેમના પરમ ઉપદેશક ઓશોએ પણ કરી છે કે ''પ્રેમમાં અપેક્ષા ન રાખો. પ્રેમ અપેક્ષામુક્ત હોય. પ્રેમ હોય ત્યાં અપેક્ષા ન જ હોય અને જો અપેક્ષા હોય તો એ પ્રેમ નથી.'' વાત તો ખરી છે, પરંતુ દુનિયાભરમાં તમે અપેક્ષા વિનાની વ્યક્તિ શોધવા જશો તો ખાલી હાથે જ પાછા ફરવું પડશે. બોલવું એ જુદી વાત છે અને આવા બધા ફિલોસોફીના વિધાનો અમલમાં મૂકવા જુદી વાત છે.

લાગણી હોય તો માગણી પણ રહે જ. ભલે માગણી વ્યક્ત ના થઈ હોય. સત્યને નગ્ન કેમ કહે છે? કારણ કે તે ઢંકાયેલું હોય છે. માગણી પણ ઢંકાયેલી હોય ત્યાં સુધી દરેક સંબંધ ખુબ સરસ લાગે છે. પરંતુ માગણી ન સંતોષાય અથવા માગણી વ્યક્ત થઈ જાય, ત્યારે વ્યક્તિ ખુલ્લી પડી જતી હોય છે. સત્ય નગ્ન બનીને સામે આવી જતું હોય છે. દુનિયાભરમાંથી તમે અપેક્ષા વિનાની કોઈ વ્યક્તિને શોધી શકશો નહીં.

લાગણી હોય ત્યાં માગવામાં ખોટું શું છે? જે વ્યક્તિને તમે ચાહો છો, એ વ્યક્તિ પણ તમને ચાહે એવી અપેક્ષા તમે જો રાખો છો તો એમાં ખોટું શું છે? લાગણી છે તો પછી માગણીનો ઈનકાર શા માટે? અને માગણી ત્યાં જ કરવામાં આવે ને કે જેના પ્રત્યે તમને લાગણી છે? સીધી સાદી વાત છે કે પ્રેમ હોય ત્યાં અપેક્ષા રહે જ. કોઈ વ્યક્તિ તમને એટલા માટે ચાહે છે કે એ વ્યક્તિને તમારામાં કશુંક છે, જે ગમે છે. કોઈ વ્યક્તિ તમને એટલા માટે ચાહે છે કે એ વ્યક્તિને તમારી પાસે કશાકની અપેક્ષા છે.

એકવીસમી સદીનો પ્રેમ એક નવા મુકામ ઉપર પહોંચી ગયો છે. આ ડિજીટલ-એરાનો લવ ''ગિવ એન્ડ ટેક''ની ફોર્મ્યુલાવાળો બની ગયો છે. જો તમે સામી વ્યક્તિની અપેક્ષા પરિપૂર્ણ કરો છો, ત્યાં સુધી તમે ખુબ સારા અને પ્રેમાળ છો. પરંતુ જ્યાં તમે સામી વ્યક્તિની અપેક્ષા સંતોષવાની માત્રા ઘટાડી કે ઓછી કરી કે બંધ કરી, ત્યાં જ તમે ''સારી વ્યક્તિ''માંથી ''ખરાબ વ્યક્તિ'' બની જાઓ છો.

અપેક્ષા રાખનાર અને અપેક્ષા સંતોષનાર, એમ બેઉ વ્યક્તિને આ સસ્પેન્સની ખૂબર જ હોય છે. હિન્દી સિનેમાના એક ગીતના શબ્દો છે: ''સુખ કે સબ સાથી, દુ:ખમેં ન કોઈ...'' તમે જેને ચાહો છો, તેની અપેક્ષા સંતોષવા જેટલા સક્ષમ અથવા સુખી અથવા કેપેબલ છો, ત્યાં સુધી તમારા એની સાથેના સંબંધને ઊની આંચ પણ આવતી નથી. પરંતુ જેવા તમે સામી વ્યક્તિની અપેક્ષાની પરીક્ષામાં ફેઈલ થાવ છો કે તરત તેની ઈફેક્ટ સીધી જ તમારી રિલેશનશીપ ઉપર પડે જ છે. એકવીસમી સદીના સંબંધની ''ગિવ એન્ડ ટેક'' ફોર્મ્યુલામાં દંભને કોઈ સ્થાન નથી.

કોઈ પણ સંબંધમાં ''ગિવ એન્ડ ટેક'' જેવું ન હોવું જોઈએ, એમ કહેવું પણ નર્યો દંભ જ છે. દરેક મા-બાપ પોતાનાં સંતાનને ઉછેરીને મોટા કરે છે, ત્યારે એમની વ્યક્ત કે અવ્યક્ત અપેક્ષા હોય જ છે. પ્રેમમાં પણ અપેક્ષા હોય જ છે. લાગણી, હૂંફ, સંભાળ અને દરકાર તથા ટાઈમ, એટેન્શન, કેર એન્ડ કન્સર્ન સ્ત્રી અને પુરુષ એમ બેઉ પક્ષે અપેક્ષિત હોય જ છે. છતા એ પણ હકીકત છે કે તમે જ્યારે કોફી-શોપમાં જાઓ છો ત્યારે બિલ ચુકવવા માટે લાગણીનું ચલણ ચાલતું નથી. બજારમાં માત્ર કરન્સી જ આપવી પડે, પે કરવી પડે.

કેર એન્ડ કન્સર્ન એટલે પ્રેમ, એ વાત સાચી, પરંતુ રિયાલિટીના જમાનામાં તમે જ્યારે સિનેમા જોવા જાઓ કે કોઈ રેસ્ટોરન્ટમાં જાઓ ત્યારે કેર એન્ડ કન્સર્ન ઉપરાંત કરન્સીની પણ જરુર પડતી હોય છે. ખાલી પેટે પ્રેમ વ્યક્ત થઈ શકતો નથી. પ્રેમ માત્ર પ્રેમ જ માગે છે એવું કહેવું દંભ છે. પ્રેમ પણ અપેક્ષા માગે છે તો એમાં ખોટું શું છે?

જસ્ટ ટ્વીટ:-

''પ્રેમમાં અપેક્ષા ન હોય એ વાત સાચી, પરંતુ પ્રેમનો પડઘો તો પડવો જ જોઈએ.''


- સિમોન દ બુવા

# સ્ત્રીને સતાવતો પ્રશ્ન...!! લગ્ન કયારે ? બાળકો કયારે ? તું સેટલ કયારે થઈશ?!




'એસ અગેન્સ્ટ ઓડ્સ' નામનાં પુસ્તકમાં સાનિયા મિર્ઝાએ એની આત્મકથા લખી છે. થોડાં સમય પહેલાં જ શાહરૂખ ખાન અને પછી સલમાન ખાને એનું વિમોચન અને બ્રાન્ડીંગ કર્યું છે. અનેક ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ્સ જીતનાર સાનિયા ડબલ્સમાં ટૉપર પર બિરાજમાન છે. આ પુસ્તકના વિમોચન બાદ એક ન્યૂઝ ચેનલ પર સ્પોર્ટ્સ વિશ્લેષક રાજદીપ સરદેસાઈ અને સાનિયા મિર્ઝાનો ઈન્ટરવ્યુ થયો હતો. એના થોડા સંવાદો જોઈએ...

● રાજદીપ સરદેસાઈ : તું એકદમ ફેમસ પર્સનાલિટી છે, મેદાન અને મેદાન બહાર તને અને તારી રમતને જોનારો વર્ગ છે. પણ, સાનિયા તું સેટલ કયારે થઈશ? માતૃત્વ-કુટુંબ વિશે તારા પુસ્તકમાં કોઈ ઉલ્લેખ નથી. નિવૃત્ત થયા પછી તારો સેટલ થવાનો ઈરાદો છે? એટલે હમણાં કોઈ તારો સેટલ થવાનો વિચાર આ પુસ્તક પ્રમાણે દેખાતો નથી...




● સાનિયા મિર્ઝા : અત્યારે હું વર્લ્ડ નંબર વન છું, એનો તમને આનંદ થયેલો લાગતો નથી એના બદલે તમને માતૃત્વનો, મા બનવાનો નિર્ણય કેમ લેતી નથી એની તકલીફ વધુ દેખાય છે. એટલે, આમાં એ કંઈ નવી વાત પણ નથી. એક સ્ત્રી તરીકે આમેય મારે આ પ્રશ્નોના જવાબ આપવા તૈયાર રહેવું જ પડે છે. મને જ શું કામ? દરેક સ્ત્રીઓને આ પ્રશ્ન પૂછવામાં આવે છે. કુંવારી હોય ત્યારે લગ્ન કયારે કરીશ? પછી બાળકો કયારે થશે?

દુ:ખદ વાત તો એ છે કે આ બે વાત થાય તો જ અમે સેટલ થયાં એમ લોકોને લાગે છે. પછી ગમે તેટલી વિમ્બલ્ડન સ્પર્ધા જીતો કે વિશ્વના નંબર વન ખેલાડી બનો, સર્વશ્રેષ્ઠ ખેલાડી બનો... અમે સેટલ થતાં નથી. અમારા સેટલ થવાથી સમાજે વ્યાખ્યા જ અલગ બનાવી છે. હશે, એ પણ થશે. ઐશ્વર્યા, કરિના, કાજોલ બધી જ આ તબક્કામાંથી પસાર થઈ ચૂકી છે. હું જયારે મા બનવાનો નિર્ણય લઈશ ત્યારે મિડિયાને પ્રેસ કોન્ફરન્સ કરી બોલાવી લઈશ.

● રાજદીપ સરદેસાઈ : ઑહ, સૉરી, મારો પ્રશ્ન જ ખોટો હતો. મારી પ્રશ્ન પૂછવાની પદ્ધતિ પણ ખોટી હતી. આવો પ્રશ્ન મેં કોઈ પુરુષ ખેલાડીને પૂછ્યો ન હોત.

● સાનિયા મિર્ઝા : સાચ્ચે જ મને બહુ સારું લાગ્યું, નેશનલ ટેલિવિઝન ચેનલ પર તમે જાહેરમાં માફી માંગો છો. મારી તો એક જ ઈચ્છા છે કે ૨૯ વર્ષની કોઈ છોકરીને લગ્ન કયારે કરીશ? બાળકો કયારે થશે? એવા પ્રશ્નો પૂછવાં જ ન જોઈએ, અને એ પણ જયારે એ એના ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી કરતી હોય, ત્યારે તો જરાય નહીં. કારણ કે લગ્ન અને બાળકો એટલે સેટલ થવું એમ નહીં, પણ એનું એના ક્ષેત્રનું યોગદાન અને સફળતાને લઈને એની ચર્ચા થાય તે વધુ સારું.

●●●

એક નેશનલ ચેનલ પર પ્રસારિત થયેલા સાનિયા મિર્ઝા અને રાજદીપ સરદેસાઈનો આ સંવાદ. એના સાનિયા અકળઆઈને પૂછે છે વિશ્વ નંબર વન બની. છેલ્લા કેટલાંય વર્ષોથી સફળથાની કસોટીએ પાર ઊતરી, એ બધું પુસ્તકમાંથી વાંચવાની જગ્યાએ, સ્ત્રીને આજ પ્રશ્ન કેમ વારંવાર પૂછવામાં આવે છે કે, લગ્ન કયારે કરીશ? મા કયારે બનીશ? ઘર-પરિવારમાં કયારે સેટલ થઈશ? બસ આમ જ સ્ત્રીનું સ્વતંત્ર ગુમાવવાનું?

આ સંવાદની બંને વ્યક્તિને બાદ કરીએ દઈએ તો પણ સાનિયાએ કરેલાં પ્રશ્નો આજે અનેક નોકરી કરતી, કરિઅરિસ્ટ સ્ત્રીઓને ઠેકઠેકાણે પુછાય છે. આજની તારીખેય આપણા ત્યાં સ્ત્રીએ ઘર સાચવીને, આવનારા-જનારા મહેમાનોને સંભાળીને, ધર્મ-પૂજા-વ્રત કરીને જ વ્યવસાયિક પ્રગતિ કરવી અનિવાર્ય છે.

આ બધું કરીને સફળ થયેલી સ્ત્રીઓ અવારનવાર કહેતી જ હોય છે કે, હું ઘર સંભાળીને બધું કરું છું, મને ઘરના બધાનો સપોર્ટ છે, કેટલીક સ્ત્રીઓને તો એમની જોબને કારણે બાળકની પેરેન્ટ્સ મિટિંગમાં ન જવા મળે તો પણ દુ:ખ થાય છે, અને એ અપરાધભાવ તેઓ વાતવાતમાં અન્ય મહિલાઓ સમક્ષ પણ કરતી હોય છે. પતિનું ટિફિન કે દીકરીનો યુનિફોર્મ પ્રેસ ન થાય તો પણ એ વ્યથિત થાય છે.

સ્ત્રી કેટલી પણ સફળ થાય તો પણ એને માપવાની ફૂટપટ્ટીમાં એનું કુટુંબ, એમાં એનું યોગદાન, એણે સાચવેલા સંબંધો, બાળકો અને એમનો ઊછેર, પતિની ચિંતા બસ આ બધાં જ માપદંડોમાં આવે. આ ગઈકાલનું સત્ય છે, અને આજે પણ પરિસ્થિતિમાં કદાચ થોડી એની જવાબદારી વધુ જ થઈ છે, કમાણી કરવાની, મોંઘવારી કેટલી છે?એકના એક પગારમાં કયાંથી પુરું થાય?

આ બધી વાસ્તવિકતા પર સાનિયાએ પ્રહાર કર્યો એટલે એ નિમિત્તે દરેક સ્ત્રીએ પોતાની જાતને એક પ્રશ્ન પૂછી લેવો જોઈએ કે તમારી સેટલ થવાની અથવા હોવાની વ્યાખ્યા શું છે?

સફળ પુરુષને કયારેક પ્રશ્ન થાય છે? કે તમે ઘરકામ કરો છો? ના! - કારણ એ ધારી જ લેવામાં આવે કે સ્વીકાર્ય જ છે કે ઘરબહારના કામો કરવા, કરિઅર-સમાજમાં સ્થાન બનાવવું એજ એનું મુખ્ય કામ ઘરે આવ્યાં પછી તો એણે લેંઘો-લૂંગી-બરમુડો ચઢાવી સોફામાં લંબાવી પત્નીને ઓર્ડર જ કરવાનો હોય, એને સંપૂર્ણ આરામ જ જોઈએ. પરિવારની જવાબદારી ઉપાડે, કમાવી લાવે, એ ભાર કંઈ ઓછો કહેવાય? કે એણે ઘરે આવી કામ કરવું પડે? ઘર સાચવી, બાળકો રમાડી, તમે કેવી રીતે આટલાં સફળ થાવ છો? આવો પ્રશ્ન કોઈ પુરુષને પૂછાય છે?

આનાથી ઉલટ પરિસ્થિતિ સ્ત્રીઓની! યશસ્વી અને કરિઅરિસ્ટજ શું કામ? દસથી પાંચની નોકરી સાચવીને (અપડાઉનનો સમય અલગ) તેઓ કોઈ વાતની કમી પડવા દેતી નથી, અને એનો એમને ગર્વ પણ હોય છે.

એ પોતે એક કાર્યદક્ષ ગૃહિણી છે, સરસ રસોઈ બનાવે છે, ઓફિસનું કામ પણ ઉત્સાહથી અને સારું જ કરીએ છીએ. અને પાછા જાહેરાતમાં દેખાતી મમ્મી જેવી સુંદર પણ દેખાઈએ છીએ આ બધી કસરત સ્ત્રી જાતે જ પોતાના પર જવાબદારી રૂપે લઈને જ લે છે. અને પછી ગર્વપૂર્વક કહે છે કે, 'ઘરનાં કહે છે, તને સંપૂર્ણ સ્વાતંત્ર્ય છે. ઘર સાચવીને તારે જે કરવું હોય તે કર!'

આ બધી જ ડિમાન્ટ પર સફળ થવાનું, ઉત્તમ કામ કરવાનું, બધી જ જરૂરિયાત પુરી કરવાનું પ્રમાણપત્ર અને સાચે તો પ્રશસ્તીપત્ર પર ઘર, પરિવાર, મિત્ર, સંબંધી, બાળકો બધા પાસેથી એને જોઈતું હોય છે અને એ પ્રમાણપત્ર મેળવવાં જ એ સતત કામમાં ખૂંપેલી હોય છે અને કયારેક એ ન મળે તો? કેટલાંય પરિવારના સજ્જનો(?) એને ઘરની સભ્ય કે વ્યક્તિ સમજવાને બદલે 'કામવાળી' સમજી બેસે છે, અને તોય એ મને કે કમને કામ તો કરતી જ રહે છે!

માત્ર સ્ત્રીના ભાગમાં આવતાં લગ્ન, કરિઅર, બાળકો અને સેટલ થવાનાં પ્રશ્નો, કયારેક થોડીક મોટી વયની છોકરીઓને ફ્સ્ટ્રેટ કરી મુકે છે.

૨૯ વર્ષની વયે સ્વિત્ઝર્લેન્ડની માર્ટિના હિંગીસ સાથે જોડી બનાવી ડબલ્સની અનેક ટ્રોફી મેળવી ટોપ સિડેડ બનનાર સાનિયા મિર્ઝાનું પુસ્તક યુવા ખેલાડીને પ્રેરણા આપે એવું છે, પણ ઈન્ટરવ્યુમાં પૂછાયેલા અછડતા પ્રશ્નને સ્ત્રીની વેદનાને વાચા આપી દીધી.

> *રાત આખી રોજ અમથું જાગવું ભારે પડે છે,*
> *ને સવારે સૂર્ય પાછળ ભાગવું ભારે પડે છે.*
> *આમ તો જીવન અમારું સાવ ખુલ્લી છે કિતાબો,*
> *કોઈ સામે માત્ર હૈયું ખોલવું ભારે પડે છે!*
> *– ડો. કનૈયાલાલ ભટ્ટ*

ચૂંટલો :

ચોવીસ વર્ષે પહોંચેલી છોકરી આમેય સેટલ થવાનું વિચારતી જ હોય છે. એમાં તુ કયારે લગ્ન કરીશ? બાળકો કયારે? ફેમીલી સાથે કયારે - કયાં સેટલ થઈશ? જેવાં પંચાયિતા પ્રશ્નો પૂછી પજવવાની જરુર નથી. એમનાં એ સમજશક્તિ છે જ કે કયારે સેટલ થવું, શું કહેવું છે બહેનો? બરોબરને?

# ભારત રત્ન - અરૂણા આસફ અલી : ૧૯૪૨ની લોકક્રાંતિનાં નાયિકા



અરૂણાજીનો જન્મ ૧૬મી જુલાઈ ૧૯૦૯ના રોજ પંજાબના કાલકા નગરમાં બંગાળી બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. પિતા ઉપેન્દ્રનાથ ગાગુલી બ્રહ્મોસમાજના અગ્રણી અને પત્રકાર હતાં. માતાનું નામ અમ્બાલિકા દેવી. ભણવામાં અવલ્લ નંબરે રહેતાં અરુણાજીએ બુદ્ધિમત્તા અને ચતુરતાની ધાક જમાવી દીધી હતી. લાહોર અને નૈનીતાલમાં અભ્યાસ પુરો કરી કોલકતા ખાતે ગોખલે મેમોરિયલ કોલેજમાં અધ્યાપિકા તરીકે કામ કરવા લાગ્યાં. સાથે સાથે તેઓ રાજકીય ચળવળોમાં ભાગ લેવા લાગ્યાં અને અલ્લાબાદમાં આવી જ કામગીરી દરમિયાન મૂળ દિલ્હીના ખુબ જ જાણીતા વકિલ, અચ્છા કવિ અને કોંગ્રેસના અગ્રણી એવા આસફ અલીના પરિચયમાં આવ્યાં.અને તેમની સાથે કર્યાં.

અત્યંત પ્યારા, ભાતીગળ વ્યક્તિત્વ અને બિનસાંપ્રદાયિકતાના પ્રતિક એવા અરુણાજીને શારીરિક પીડાઓ હોવા છતાં પણ તેમણે દેશ માટે અપ્રતિમ શૌર્ય દાખવ્યું. બોમ્બ-બંદૂકવાદી જે ક્રાંતિકારી પેઢી થઈ ગઈ એના અંતિમ ચરણના એક મહિલા ક્રાંતિકારી હતાં. તેમની ઉપર જવાહરલાલ નહેરૂ, રામમનોહર લોહિયા અને જયપ્રકાશ નારાયણ, પટવર્ધન જેવા સમાજવાદીયોના વિચારોનો અધિક પ્રભાવ હતો.

૧૯૩૦માં મીઠાના સત્યાગ્રહ વેળાએ નાગરિક અસહકાર ચળવળ દરમિયાન ધરપકડ કરવામાં આવી. જેલમાં ગયાં. જેલમાં પણ જેલવાસીઓને સારી સગવડો મળે અને તેમની ઉપર જુલમો ઓછા થાય તે માટે પોતે શરીરે દુર્બળ હોવા છતાં ભૂખ હડતાલ કરી. તેમને કંઈ થાય તો દેશ ભડકે બળે તેમ હતું અને તેથી જ અંગ્રેજોએ નાછૂટકે એમની તેમની માંગણીઓ સ્વિકારવી પડી. તેમણે અરુણાજીને અંબાલા જેલમાં ખસેડી કાળકોટડી ની સજા ફરમાવી. ૧૯૩૧માં ગાંધી-ઈરવીન કરાર અન્વયે ૧૯૩૧માં બધાં કેદીઓને છોડી મૂક્યા પણ અરુણાજીને ન છોડ્યાં. ત્યારે બીજા મહિલા કેદીઓએ તેમને સાથ આપી કહ્યું કે અરૂણા આસફ અલીને છોડવામાં આવશે તો જ અમે જેલ છોડીશું. સાથી મહિલા કેદીઓનો ભારે સહયોગ મળતાં જેલ સત્તાવાળાઓને નમવું પડ્યુ અને છેવટે અરૂણાજીને પણ મુક્ત કરવાં પડ્યાં. ત્યાર પછીના નવ વર્ષના ગાળો તેમણે વાચન અને મનનમાં ગાળ્યો. કોઈ રાજકીય ચળવળમાં ભાગ ના લીધો. ૧૯૪૨- ૧૯૪૬ ક્વિટ ઈન્ડિયા- અંગ્રેજોને ભારત છોડી જવાની હાકલ... તેમાં અરૂણાજીએ અદ્ભૂત કૂશળતા બતાવી. ૧૯૪૨ની ૯મી ઓગસ્ટના દિવસે મુંબઈના ગોવાલિયા ટેંક મેદાનમાં તિરંગાને સલામી આપવાનો કાર્યક્રમ નક્કી થયેલો અને તેથી સરકારે અંગ્રેજોએ ગાંધીજી, આરૂણાજીના પતિ આસફ અલી સહિત દેશના પ્રથમ હરોળના અગ્રણી નેતાઓની ધરપકડ કરી ત્યારે જે ક્રાંતિકારી વિચારસરણી ધરાવતા બીજી હરોળના નેતાઓ કામે લાગ્યા. અરૂણાજી તેમાંના એક હતાં. ટ્રેનોના પાટા ઉખાડી નાખવા, સરકારી તિજોરીમાં લૂંટ, સરકારી કામકાજમાં અસહાર જેવી ક્રાંતિકારી પ્રવ્રુતિઓ દ્વારા અંગ્રેજોને ભીંસમાં લેવાનો પ્રયત્ન કર્યો. દેશમાં સોપો પડી ગયો. પણ અરૂણાજીએ તિરંગો ફરકાવી સલામી આપી અંગ્રેજોને ભારત છોડી જવાનો ખુલ્લો પડકાર ફેક્યો. તેમની ધરપકડ માટે વોરંટ કાઢવામાં આવ્યું ખુલ્લેઆમ પ્રવૃત્તિઓનો અવકાશ ન રહેતાં તેઓ સાડા ત્રણ વર્ષ ભુગર્ભમાં ચાલ્યાં ગયાં અને નામ અને ઠેકાણું બદલતાં પોલીસને થાપ આપતા રહી પોતાની પ્રવૃત્તિઓ ચાલુ રાખી. સરકારે 'ભાંગફોડિયા' જાહેર કર્યાં. પોતાની બિમાર માતાની સાથે અંત સમયે પણ હાજર ના રહી શક્યાં. પૂનાના આગાખાન મહેલમાં ગાંધીજીના આશિર્વાદ લેવા એમણે એક પારસી બાનુનો વેશ લઈ તેમને મલ્યા. બાપુના તબિયત જોઈ તે રડી પડ્યાં ત્યારે બાપુએ કિધું: બેન! શા માટે ભાગંભાગ કરે છે? શા માટે હિંસક પ્રવૃત્તિઓમાં જોડાય છે? અહિંસાનો માર્ગ પકડ. પોલીસને શરણે જા; અને તારે માથે પાંચ હજારનું ઈનામ જાહેર થયેલું છે, તે મેળવી લે અને એ રકમ હરિજન કલ્યાણ ફાળામાં આપી દે.'' પણ અરૂણાજીએ બાપુની આ સલાહ ન માની. તો આ મહાત્માને અરૂણાજી પ્રત્યે કોઈ રોષ ન જન્મ્યો. પૂનાની બહાર તેઓ સહીસલામત નિકળી ગયા ત્યારબાદ જ બાપુ સુતા હતા. પોતાની બળવાખોર પુત્રી માટે ગાંધીજીએ કહેલુ કે : ''અરૂણા મારી પુત્રી છે. એ મારે ઘેર જન્મી નથી અથવા તો બળવાખોર છે એથી કંઈ એ મારી પુત્રી મટી જતી નથી!




તેમને લેનિન શાંતિ પારિતોષિક, રાષ્ટ્રીય એકયભાવ માટેનો ઈન્દિરા ગાંધી પુરુસ્કાર, આંતર રાષ્ટ્રીય સમજુતી માટેનો નહેરુ પુરસ્કાર, એશિયાટિક સોસાયટીનું ઈન્દીરા ગાંધી સુવર્ણ પદ્મ ઉપરાંત ૧૯૯૭ માં 'ભારત રત્ન' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યાં.

(૨૭મી જુલાઈ તેમનો નિર્વાણ દિન છે)

# મારી સલાહ માન તો તું પણ આ માસ્તરગીરી છોડીને ભગવાન બની જા




મારો એક મિત્ર હતો. સ્કૂલમાં અમે સાથે ભણતા. હું એક પછી એક ધોરણ આગળ વધતો ગયો. કૉલેજમાં પહોંચી ગયો. તે પછી શિક્ષક રૂપે શાળામાં જોડાઈ ગયો. પણ મારો પેલો મિત્ર શાળામાં જ ગડથોલીયાં ખાતો રહ્યો. તે પછી તેણે નોકરી શોધવાની કોશિશ કરી. નોકરી ન મળી એટલે બે-ચાર જોરદાર ભાષણ દી નેતા બનવાની કોશિશ કરી. પરંતુ ત્યાં પણ આજકાલ સપ્લાય બહુ વધારે છે અને ડિમાન્ડ ઓછી. તેથી નેતાગીરીમાં પગપેસરો થઈ શક્યો નથી. એટલે કે લેખક બની ગયો. પોતાનું કામ સાર્થક કરવા આમ-તેમથી કટ-પેસ્ટથી ભેગું કરી કંઈક લખ્યું પણ ખરું. પરંતુ તંત્રીઓએ અને સંપાદકો એ તેને સહયોગ આપવાની ચોખ્ખી ના ભણી દીધી. બધી રચનાઓ સાભાર પરત થઈ. ત્યારે તેણે પોતાની બધી રચનાઓને પસ્તીમાં વેચી દીધી એને જે પૈસા મળ્યા તેમાંથી સિગરેટનું એક પેકેટ ખરીધ્યું. સિગરેટના લાંબા કશ ખેંચતા તેને એક નવો આઈડિયા આવ્યો. તે આઈડિયા મુજબ એ બીજા શહેરમાં જઈ ભગવાન બની ગયો.

મને તે ભગવાન બની ગયો છે એ વાત કદાચ કયારેય જાણવા ન મળત. જો હું તે દિવસે શહેરમાં ન ગયો હોત તો. બન્યું એવું કે સાંજના સમયે હું તે શહેરના રસ્તે લટાર મારવા નીકળેલો તેમાં મારી નજર એક જગ્યાએ લાગેલા બોર્ડ પર પડી. બોર્ડ જોઈને હું ત્યાં જ ઊભો રહી ગયો. બોર્ડમાં લખ્યું હતું કે 'કલિયુગી અવતાર ભગવાનશ્રી નું પ્રવચન' આશ્ચર્ય સાથે મને મારા સામાન્યજ્ઞાન અંગે અફસોસ થયો કે 'ભગવાનનો કળિયુગનો અવતાર થઈ ચૂક્યો છે ને મને ખબર પણ નથી. જયાં તે બોર્ડ લાગેલું હતું ત્યાં નજીકમાં સાંકડો રસ્તો હતો તે રસ્તે ઘણા બધા લોકો અંદર જઈ રહ્યા હતા.'

ભગવાનના દર્શનનો સુવર્ણ અવસર હું પણ ખોવા માંગતો ન હતો. તેથી એ બધા લોકોની સાથે આમેળ થઈ ગયો. અંદર એક અપ ટુ ડેટ આકૃતિ ઊંચા આસને બેઠી હતી. શરીર પર કિંમતી સૂટ શોભતું હતું, ટાઈ પર લટકતી હતી અને ચહેરા પર મસ્ત લાગતી મૂછો અને નાનકડી દાઢી પણ શોભાયમાન હતી.

મગજમાં કયાંય શંકા પેદા થઈ. 'શું ભગવાન સૂટ પહેરતા હશે?' પણ બીજી જ પળે મારી આસ્તિકતા એ ધમકાવ્યો. 'મૂરખા, કળિયુગના ભગવાન સૂટ ન પહેરે તો શું પિતાંબર પહેરે?' નજીક જઈ દર્શન કરવાની ઈચ્છાથી હું ભગવાનની નજીક પહોંચી ગયો. પરંતુ નજીક પહોંચતા જ હું દાઢીમાં છુપાયેલા વ્યક્તિત્વને સરળતાથી ઓળખી ગયો. આ તો મારો પેલો મિત્ર હતો. જે અહીં ઘણા સમયથી મને મળી શક્યો ન હતો. મને ખુબ આશ્ચર્ય થયું. હંમેશનો નાસ્તિક એવો આ મારો મિત્ર ભગવાન કઈ રીતે બની ગયો?'

તેનું ધ્યાન હજુ મારા તરફ ગયું ન હતું. જેથી મેં જરા ખોંખારો ખાઈ તેને સહજ ઢંગે પ્રણાણ કર્યા. તે વખતે તેણે મને જોઈ લીધો. તે જરા મલક્યો. પ્રણામનો પ્રત્યુત્તર ન આપ્યો.

તે દરમિયાન ત્યાં ઊભેલા તેના ચેલાઓ મને ધમકાવવા લાગ્યા. 'કેવો નાસ્તિક છે?' ભગવાનને કેમ પગે લગાય એ પણ આવડ્યું નથી.' હું કંઈ ચોખવટ કરું તે પહેલાં ચેલાઓમાંથી એક જણે મારા પગ પકડ્યા અને બીજાએ મારા શરીરનો ઉપરનો ભાગ અને પછી મને ઊંચો કરી તાત્કાલિક સાષ્ટાંગ દંડવતની સ્થિતિમાં ફેંક્યો. ગમે તેમ કરી મારી જાતને સંભાળતો હું બેઠો થયો ત્યારે મારા મિત્ર, ભગવાન ના ચહેરા પરનું હાસ્ય ગૂઢ થઈ ગયું. મને એમ થયું કે હમણાં જઈને તેનું ગળું પકડું અને એ જ રીતે બે ત્રણ ઘુમ્બા મારું જે રીતે બાળપણમાં મારતો. પરંતુ ઉપસ્થિત ભીડને જોઈ ડરી ગયો. તેના ચેલાઓની પણ બીક લાગી. કોમ જાણે મારી કેવી હાલત કરે. તેથી ચૂપચાપ એકબાજુ બેસી ગયો.

હવે મેં ત્યાં આવેલા લોકો પર એક નજર નાંખી. ભગવાનની એક તરફ ચેલાઓની ભીડ હતી તો બીજી તરફ ચેલીઓની. ચેલીઓમાં પણ અમુક તો યુવાન અને સુંદર હતી તો અમુક વળી આધેડ અને ઘરડી પણ હતી. મને ખુબ ઈર્ષા થઈ. આ માણસ સ્ત્રીઓની બાબતમાં હંમેશા નશીબદાર રહ્યો છે. પહેલાં જયારે ભણતો હતો અને બેકાર હતો ત્યારે પણ છોકરીઓ તેને ઘેરી વળતી. તે છોકરાઓનાં ખુબ વખાણ કરતો. તે માખણ લગાવતો રહેતો અને બધી જાણે કે એ માખણ ચાટતી રહેતી. અહીં ભગવાન બનીને પણ એ સ્ત્રીઓથી ઘેરાયેલો છે.

હું વ્યાકુળતાથી દુ:ખી થતો બેઠો હતો. વિચારતો હતો કે ભીડ ઓછી થાય તો મારા મિત્ર સાથે કંઈક વાત કરું. ભગવાન કદાચ મારી મુશ્કેલી સમજી ગયા. તે પોતાના આસન પરથી ઊભા થયા. પાસે બેઠેલા ચેલાઓએ જાહેર કર્યું ભગવાન હવે આરામ કરશે. પ્રવચન મોડેથી આપશે.'

ભગવાન અંદરની તરફ ચાલવા લાગતાં હું પણ તેમની પાછળ પાછળ ચાલવા લાગ્યો. ચેલાઓ મને રોકવા લાગ્યા ત્યારે ભગવાને તેમની તરફ જોઈ કહ્યું, 'આ ભક્તને આવવા દો.' હું તો ફૂલીને ફાળકો થઈ ગયો. વિચાર્યું કે આ ખુશામતીયા ચેલાઓને એક ધોલ મારીને કહું, 'તમે મને રોકો છો? હું તો ભગવાનનો બાળપણનો મિત્ર છું.'

ભગવાન અંદર સુશોભિત ઓરડામાં પહોંચ્યા. એક સોફા પર આરામથી લંબાવ્યું. પેકેટમાંથી સિગારેટ કાઢી, લાઈટરથી સળગાવી અને ધુમાડો ઉડાડવા લાગ્યા. હું પણ તેમની પાસેના સોફા પર બેસી ગયો.

'આ શું ગોલમાલ છે' મેં પુછ્યું. મિત્ર હસ્યો, બોલ્યો, 'જયારે બીજું કંઈ કામ ન મળ્યું તો ભગવાન બની ગયો. જો કે ધંધો આ પણ સારો છે. નામ, દામ અને આરામ બધું મળે છે. પછી જરા મૂંછમાં હસીને બોલ્યો. આમ જુઓ તો કંપની કંઈ ખોટી નથી. તેં તો જોયું ને?'

'પણ આ લોકોએ તને ભગવાન કઈ રીતે માની લીધો?' મેં ઘણા ભગતડા પાળ્યા છે. દક્ષિણામાં તેમનો સરખો ભાગ હોય છે. તે બધા આ બદ્દું કરે છે. તારે તો અહીં બેસીન થોડીવાર દર્શન દેવાનાં હોય છે. કયારેક પ્રવચન જેવું કંઈક કરું તેમાં શાસ્ત્રો પુરાણોની વાતો સંભળાવી દઉં છું. હું તેમનો ગુરુ છું. અને આ બધા મારા ચેલા ચેલીઓ, તેમના પર મારો પુરો અધિકાર છે. બસ તથી મજા જ મજા છે.

હું આશ્ચર્યથી તેની તરફ જોઈ રહ્યો. તે મારા જૂના કપડાં પર નજર નાંખતા બોલ્યા. 'મારી સલાહ માન તો તું પણ આ માસ્તરગીરી છોડીને ભગવાન બની જા.' એક મહીનામાં તારે જાહોજલાલી થઈ જશે.

'એવું કઈ રીતે થાય?' મેં પુછ્યું. તેણે જવાબ આપ્યો, 'ચિંતા ન કર. તને હું તોડા અનુભવી ચેલા આપીશ. એ તને મદદ કરશે અને જયાં તારી ઈચ્છા હશે ત્યાં તને ભગવાન બનાવી દેશે.'

તે દિવસે તો તેની સલાહ માનીને હું ચૂપચાપ પાછો આવતો રહ્યો. પણ મેં નક્કી કર્યું છે કે બહુ જલ્દી આ માસ્તર મરીને ભગવાન બની જઈશ.